RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 226* Date: 13.06.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### બ્રિટનને પછાડી ભારત કોરોનાથી સૌથી વધુ પ્રભાવિત દેશોમાં ૪ સ્થાને

# કોરોનાના અંદાજે કેસ ત્રણ લાખ: એક દિવસમાં સૌથી વધુ ૩૯૬ના મોત

*ન્યુ દિલ્હી,તા.૧૨*

દેશમાં હાલમાં મોટા ભાગે લોકડાઉન ખોલીને અમલમાં મૂકાયેલા અનલોક-૧ના સમયગાળામાં રોજેરોજ કેસોની સંખ્યા ૯ હજાર અને હવે ૧૦ હજારની આસપાસ આવી રહી છે. કોરોના વાયરસના આ આંકડા હવે લોકોને ખરા અર્થમાં ડરાવી રહ્યા છે. તો સત્તાવાળાઓ માટે એક ચિંતાનું કારણ બની રહ્યું છે. શુક્રવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા આંકડાઓથી વધુ એક વખત લોકોને ફાળ પડી છે. આજે શુક્રવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન દેશમાં સૌપ્રથમ વખત ૩૯૬ લોકોના કોરોના વાયરસથી મોત થયાનું બહાર આવ્યું છે. આ સાથે જ ૨૪ કલાકમાં વધુ ૧૦,૯૫૬ લોકો રોગના સંક્રમિત થયા છે જે એક રીતે જોતાં કેસમાં રેકોર્ડ ઉછાળો દર્શાવે છે. દેશમાં કોરોના વાયરસના કુલ કેસો ૩ લાખની નજીક પહોંચી ગયા હોય તેમ ૨.૯૭ લાખને પાર થઈ ગયા છે. રોજના આંકડા જોતાં આવતીકાલ શનિવારે કેસો ૩ લાખની ઉપર પહોંચી જાય તેમ છે. વિશ્વના કોરોના સંક્રમિત દેશોના આંકડા મુજબ ભારત સંક્રમિત દેશોની યાદીમાં બ્રિટનથી આગળ નિકળીને ચોથા ક્રમે પહોંચી ગયું છે.



કોરોનાના વધતા કેસો વચ્ચે સૌથી રાહત સમાન એ બાબત પણ છે કે પોઝિટિવ દર્દીઓ સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં ૧,૪૭,૧૯૫ લોકો સ્વસ્થ થયા છે. દેશમાં હાલમાં ૧,૪૧,૮૪૨ સક્રિય કેસ છે જેમની સારવાર ચાલી રહી છે.

આરોગ્ય મંત્રાલયે શુક્રવારે કોરોના અંગેના આંકડા જાહેર કર્યા હતા. જેમાં જણાવ્યાં પ્રમાણે, ગુરુવારે ૧૦,૯૫૬ કેસ સામે આવ્યા હતા. સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં ૩૯૬ લોકોના મોત થયા હતા. આ સાથે જ દેશમાં અત્યાર સુધી ૨ લાખ ૯૭ હજાર ૫૩૫ કેસ સામે આવી ચુક્યા છે. જેમાં ૧ લાખ ૪૧ હજાર ૮૪૨ એક્ટિવ કેસ છે અને ૧ લાખ ૪૭ હજાર ૧૯૫ સાજા થયા છે. સાથે જ અત્યાર સુધી ૮૪૯૮ લોકોના મોત થયા છે.

આ પહેલા દિલ્હીના આરોગ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું હતું કે, દિલ્હીમાં લોકડાઉન વધારવામાં નહીં આવે. જો કે એક દિવસ પહેલા રાજ્ય સરકારે કહ્યું હતું કે, દિલ્હીમાં કોમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થઈ ગયું છે. ગુરુવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે આ વાતે ખોટી ગણાવી હતી.

સૂત્રોએ કહ્યું કે, ભારત હવે કોરોના સંક્રમણના કેસના મામલે વિશ્વનો ચોથો દેશ બની ગયો છે. અત્યારસુધી ભારત આ યાદીમાં ૬ નંબર પર હતું. છેલ્લા અમુક દિવસોથી કોરોના સંક્રમણની સંખ્યામાં વધારો નોંધાયો છે. તેના કારણે એક દિવસમાં જ ભારત સ્પેન અને બ્રિટનને પાછળ રાખીને ચોથા સ્થાને પહોંચી ગયું છે. બુધવાર સુધી બ્રિટન અને સ્પેન પાંચમા સ્થાને હતા. હવે ભારતથી આગળ માત્ર ત્રણ દેશ છે- અમેરિકા, રશિયા અને બ્રાઝીલ. જો આ ગતિ સાથે જ ભારતમાં કોરોના કેસ વધશે તો ૨૫થી ૩૦ ઓગસ્ટ સુધીમાં ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમણ ધરાવતો દેશ બની જશે.

આ સમયે બ્રાઝીલની પરિસ્થિતિ ભારત કરતા પણ વધારે ખરાબ હશે. બ્રાઝીલમાં જો હાલની પરિસ્થિતિ પ્રમાણે કેસ વધશે તો ૨૫ જુલાઇ સુધી તે અમેરિકાને પાછળ છોડીને કોરોના પ્રભાવિત દેશોની યાદીમાં પહેલા ક્રમે પહોંચી જશે.

તો બીજી તરફ મહારાષ્ટ્રમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી-એનસીપી-ના નેતા અને ઉદ્ધવ ઠાકરે સરકારમાં કેબિનેટ મંત્રી ધનજંય મુંડે કોરોના પોઝિટિવ જાહેર થયા હતા. મુંડે ઠાકરે સરકારમાં સંક્રમિત થનારા ત્રીજા મંત્રી છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે. આ પહેલા મંત્રી જિતેન્દ્ર આવ્હાડ અને અશોક ચૌહાણ સંક્રમિત થયા હતા. જો કે હવે બન્ને સાજા થઈ ચુક્યા છે.

કોરોના પ્રભાવિત ટોપ-૬ દેશોમાં ભારતનો ગ્રોથ રેટ સૌથી વધારે છે. અહીં સંક્રમિતોની સંખ્યા ૪.૩૦ ટકાના રેટથી વધી રહી છે. બ્રાઝીલ બીજા નંબરે છે જ્યાં ૪.૨૬ ટકાનો ગ્રોથ રેટ છે. આ આંકડા વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને જાહેર કરેલા છે. સૌથી ઓછો ગ્રોથ રેટ સ્પેનનો છે.

અહીં સંક્રમિતોની સંખ્યા ૦.૧૦ ટકાના દરે વધી રહી છે. ભારતનો ડબલિંગ રેટ ૧૭ દિવસનો છે. એટલે કે ભારતમાં સંક્રમિતોની સંખ્યા ૧૭ દિવસમાં બમણી થઇ રહી છે. આ ગતિ રહેશે તો ૧૦૨ દિવસમાં ૨૧ સપ્ટેમ્બર સુધી ભારતમાં સંક્રમિતોનો આંકડો એક કરોડને પાર કરી જશે. સૌથી ઓછો ડબલિંગ રેટ સ્પેનનો છે. અહીં એક કરોડનો આંકડો પહોંચતા ૪૦૮ દિવસ લાગશે.

### લોકડાઉન વખતે પગાર નહિ આપનાર ઉદ્યોગોને સુપ્રિમ કોર્ટની રાહત

# પૂર્ણ વેતન ચૂકવવાનો ઈન્કાર કરનાર કંપનીઓ પર સખ્ત પગલાં નહિ લેવાય



*ન્યુ દિલ્હી,તા.૧૨*

લોકડાઉનના સમયગાળામાં કર્મચારીઓનો પગાર નહીં કાપવામાં અંગે કેન્દ્રના ગૃહમંત્રાલયના આદેશ સામે ખાનગી કંપનીઓએ કરેલી રીટ અરજીની વધુ સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે આજે ચુકાદો આપ્યો હતો.જેમાં જસ્ટિસ અશોક ભૂષણે કહ્યું કે અમે ગત વખતે આદેશ આપ્યો હતો કે કંપનીઓની વિરુદ્ધ કોઈ સખ્ત કાર્યવાહી ન કરવામાં આવે. કોર્ટનો એ આદેશ ચાલુ રહેશે. રાજ્ય સરકારોના શ્રમ વિભાગ કર્મચારીઓ અને કંપનીઓની વચ્ચે મધ્યસ્થી કરશે. કોર્ટનું સુચન હતું કે, કંપનીઓ અને મજૂરોને એક-બીજાની જરૂર છે, તેથી વેતન વિવાદને ઉકેલવાની કોશિશ કરવી જોઈએ.

### કંપનીઓ અને મજૂરોને એક-બીજાની જરૂર, જવાબ રજૂ કરવા કેન્દ્ર સરકારને આપ્યો ચાર સપ્તાહનો સમય

લોકડાઉન વખતે ગૃહ મંત્રાલયે ૨૯ માર્ચે કહ્યું હતું કે કંપનીઓ-પેઢીઓ અને ઉદ્યોગકારો દ્વારા તેમના કર્મચારીઓને લોકડાઉનના સમયગાળાનો પૂરો પગાર આપવામાં આવે. કેટલીક ખાનગી કંપનીઓએ આ આદેશને કોર્ટમાં પડકાર્યો હતો. તેમનું કહેવું હતું કે લોકડાઉનમાં કામ બંધ થવાના કારણે આર્થિક મુશ્કેલી છે. અને પગાર આપી શકાય તેમ નથી.

જસ્ટિસ અશોક ભૂષણ એવુ અવલોકન કર્યું હતું કે, કોઈ ઉદ્યોગ કામદારો વિના ટકી શકશે નહીં. આથી નોકરીદાતાઓ અને કર્મચારીએ વાટાઘાટો કરવાની અને એકબીજાની વચ્ચે સમાધાન કરવાની જરૂર છે. જો તેઓ એકબીજા સાથે સમાધાન કરી શકતા નથી, તો તેઓએ મુદ્દાઓનું સમાધાન લાવવા માટે સંબંધિત મજૂર અધિકારીઓનો સંપર્ક કરવાની જરૂર છે ...×

સુપ્રીમ કોર્ટે ૩ આદેશ આપ્યા હતા તેમાં ૧.કોઈ કંપની તેના કર્મચારીઓને લોકડાઉન પીરિયડનું પુરુ પેમેન્ટ ન કરી શકે તો તેની વિરુદ્ધ કડક કાર્યવાહી ન કરવામાં આવે. ૨.રાજ્ય સરકારો કંપનીઓ અને કર્મચારીઓની વચ્ચે મધ્યસ્થતા કરે અને શ્રમ આયુક્તને તેનો રિપોર્ટ સુપરત કરે. અને ૩.કેન્દ્ર સરકાર ૪ સપ્તાહમાં સોગંદનામુ રજૂ કરીને ૨૯ માર્ચે સર્ક્યુલરની કાયદેસરતા અંગે જણાવે.

કોર્ટે સુનાવણી વખતે એવી પણ ટિપ્પણી કરી હતી કે કંપનીઓ અને મજૂરોને એક-બીજાની જરૂર હોય છે. પેમેન્ટ વિવાદના ઉકેલની કોશિશ કરવી જોઈએ.

જસ્ટિસ ભૂષણ, જસ્ટિસ કિશન કૌલ અને જસ્ટિસ એમ આર શાહની બેન્ચે આ કેસની સુનાવણી કરી હતી. બેન્ચે ૪ જૂને ચૂકાદો અનામત રાખ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે કર્મચારીઓને સેલેરી આપ્યા વગર છૂટા ના કરી શકાય. . કંપનીઓની પાસે પૈસા ન હોય તો સરકાર મધ્યસ્થી કરી શકે છે. કોર્ટે એ પણ કહ્યું હતું કે સેલેરીનું ૫૦ ટકા પેમેન્ટ પણ કરી શકાય. ૨૬ મેની સુનાવણીમાં સુપ્રીમ કોર્ટે સરકારને કહ્યું હતું કે એક સપ્તાહમાં સોગાંદનામુ કરીને જવાબ આપવામાં આવે. સરકારે ૪ જૂને કહ્યું હતું કે જે કંપનીઓ સેલેરી આપવામાં મુશ્કેલી થઈ રહી હોવાની વાત કરી રહી છે તેમને પોતાની ઓડિટેડ બેલેન્સ શીટ કોર્ટમાં રજૂ કરવાનો નિર્દેશ આપવો જોઈએ.

### સરહદે તણાવ વચ્ચે નેપાળે બિહારના સીતામઢીમાં ફાયરિંગ કર્યુ

# નેપાળની નફ્ફટાઈ: બોર્ડરે ફાયરિંગ કરતાં ૧ ભારતીયનું મોત, બે ઘાયલ

સીતામઢી,તા.૧૨

ભારત-નેપાળમાં સરહદને લઈ ચાલી રહેલા વિવાદની વચ્ચે બિહારના સીતામઢીથી મોટા સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે જાનકીનગર બોર્ડર પર નેપાળ શસ્ત્ર બળની તરફથી ફાયરિંગ કરાઇ છે. જેમાં ખેતરમાં કામ કરી રહેલા એક ભારતીય વ્યક્તિનું મોત થયું, તો બીજા બે લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યાં તેમની સ્થિતિ ગંભીર કહેવાય છે. ઘટના બાદથી સરહદ પર તણાવની સ્થિતિ બનેલી છે.

મળતી માહિતી પ્રમાણે ફાયરિંગનો આખો મામલો નારાયણપુર અને લાલબન્દી બોર્ડર વિસ્તારનો છે. પિપરા પરસાઈન પંચાયતની જાનકી નગર બોર્ડર પર કેટલાંક લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા. આ દરમ્યાન નેપાળના શસ્ત્ર બળ એ આ લોકો પર અંધાધૂંધ ગોળીઓ ચલાવાનું શરૂ કરી દીધું. જેમાં જાનકીનગર ટોલે લાલબન્દીના રહેવાસી નાગેશ્વરરાયના ૨૫ વર્ષના દીકરા ડિકેશન કુમારનું મોત થયું.નેપાળ પોલીસના ફાયરિંગમાં બે લોકો ઘાયલ થયા છે. તેમાં બિનોદ રામના દીકરા ઉમેશ રામને હાથમાં ગોળી લાગી છે. આ સિવાય સહોરબા નિવાસી બિંદેશ્વર ઠાકુરના દીકરા ઉદય ઠાકુરને પગમાં ગોળી લાગી છે. બંને ઘાયલોની ગંભીર સ્થિતિને જોતા સારવાર માટે સીતામઢી રેફર કરાયા છે. હાલ બોર્ડર પર બંને દેશની પોલીસ તૈનાત છે. સરહદ પર તણાવની સ્થિતિ દેખાય રહી છે. સ્થળ પર જિલ્લા વહીવટીતંત્રના કેટલાંય ઉચ્ચ અધિકારીઓ જવા માટે રવાના થઈ ગયા છે.

### છેલ્લા સાત વર્ષમાં આ સૌથી મોટો ઘટાડો

# ભારતનો ચીન-હોંગકોંગ સાથેનો વેપાર ૭ ટકા ઘટી ૧૦૯.૭૬ ડોલરે પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૧૨

ભારત-ચીન વચ્ચે વધી રહેલા તણાવને કારણે આર્થિક સંબંધો પર અને દ્વિપક્ષીય વેપાર પર વ્યાપક અસર થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ભારતનો ચીન અને હોંગકોંગ સાથેનો વેપાર ૭ ટકા ઘટીને ૧૦૯.૭૬ ડૉલર પર પહોંચી ગયો છે. છેલ્લા સાત વર્ષમાં આ સૌથી મોટો ઘટાડો છે.

આ પહેલા ભારત-ચીન વેપારમાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૦.૫ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. નોંધપાત્ર વાત એ છે કે ભારત-ચીનના નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં બિઝનેસમાં ૩.૨ ટકાની વૃદ્ધિ જોવા મળી, એટલે કે એક વર્ષમાં જ આ વલણ બદલાઈ ગયુ એટલું જ નહીં, ભારત અને ચીન વચ્ચે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં વેપારમાં ૨૨ ટકાનો જોરદાર ઉછાળો જોવા મળ્યો.

આ સૂચવે છે કે છેલ્લા એક વર્ષમાં દેશમાં જે રીતે ચીન વિરોધી ભાવનામાં વધારો થયો છે, તેની ધંધા પર પણ તેની અસર પડી છે. ચીનની મુખ્યભૂમી સાથે નોંધપાત્ર વેપાર હોંગકોંગ દ્વારા થાય છે.

ટીવી, રેફ્રિજરેટર, એસી, વોશિંગ મશીન અને મોબાઈલ ફોન જેવા ઈલેક્ટ્રોનિક વસ્તુઓના અન્ય વિકલ્પો મળવાને કારણે નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ચીનથી તેમની આયાત ઘટીને માત્ર ઈ ૧.૫ અબજ થઈ. તેવી જ રીતે ઈંધણ, ખનિજ તેલ, ફાર્મા અને રસાયણોની આયાતમાં પણ ઘટાડો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં મુખ્ય ભૂમિ ચીન સાથે દ્વિપક્ષીય વેપાર ૬ ટકા ઘટીને માત્ર ૮૧.૮૬ ટકા થયો છે.પ્રથમ વખત ચીન સાથે સતત ૨ વર્ષથી ધંધો ઘટ્યો છે. ગયા વર્ષે પણ તેમાં ૨ ટકાનો ઘટાડો થયો હતો. ભારત-ચીન દ્વારા તેના પ્રથમ નાણાકીય વર્ષ ૨૦૧૨ -૧૩ માં પારમાં ૧૦.૫ ટકાનો ઘટાડો થયો હતો.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**

**કોરોના નવા કેસની સંખ્યા : ૪૯૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૨૫૬૨**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૩૧**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૩૯૨**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૫૫૦૧**

### કંટ્રોલ ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમીના સર્વે મુજબ,

# કોરોના સંકટ: દેશમાં બે મહિનામાં ૧૨.૪ કરોડ લોકોએ નોકરી ગુમાવી

યુ દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે દેશભરમાં લાગુ કરાયેલા લોકડાઉનને કારણે દેશભરમાં રોજગારને લઈને મોટું સંકટ ઉભું થયું છે. બે મહિના એટલે કે, માર્ચ અને એપ્રિલ મહિનામાં ૧૨.૪ કરોડ લોકોએ પોતાની રોજગારી ગુમાવવી પડી છે. કંટ્રોલ ફોર મોનિટરીંગ ઈન્ડિયન ઈકોનોમીના ડેટા મુજબ માર્ચ મહિનામાં ૧૦.૧ મિલિયન એટલે કે ૧ કરોડ લોકોએ પોતાનો રોજગાર ગુમાવવાનો વારો આવ્યો હતો. જ્યારે એપ્રિલ મહિનામાં ૧૧૩.૬ મિલિયન એટલે કે, ૧૧.૩ કરોડ નોકરીયાત બેરોજગાર થયા છે.

સીએમઆઈઈની રિપોર્ટમાં જણાવ્યા મુજબ, અગાઉ પૂર્ણ થયેલા સપ્તાહમાં સૌથી વધુ પડકારજનક બેરોજગારી ધરાવતા રાજ્યોમાં સૌથી વધુ તામિલનાડુ (૪૯.૮ ટકા), ઝારખંડ (૪૭.૬ ટકા), બિહાર (૪૬.૬ ટકા), હરિયાણા (૪૩.૪ ટકા), અને કર્ણાટક (૨૯.૮ ટકા)નો સમાવેશ થાય છે, જ્યારે ઓછી બેરોજગારી ધરાવતા રાજ્યોમાં પંજાબ, હિમાચલ પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણાનો જેવા રાજ્યો હતા.

મીડિયા રિપોર્ટ મુજબ એપ્રિલ મહિનામાં બિઝનેસ સાથે જોડાયેલા ૨ કરોડ લોકોએ પોતાનો રોજગારો ગુમાવી દીધો હતો જ્યારે લગભગ ૧.૫ કરોડ સેલરીડ એમ્પલોયઝ પર જોબ લોસનું સંકટ આવી પડ્યું છે. નાના વેપારીઓ અને મજૂરોને સૌથી વધારે મુશ્કેલીઓ પડી રહી છે. એટલું જ નહીં, ૭.૮ કરોડ મજૂર અને નાના ઉદ્યોગો સાથે જોડાયેલા લોકોને એપ્રિલ મહિનામાં ભારે આર્થિક સંકટનો સામનો કરવો પડ્યો હતો તેવું સીએમઆઈઈની રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

સીએમઆઈઈના ડેટા પ્રમાણે મે મહિનામાં બેરોજગારીનો દર ૨૪ ટકા રહ્યો હતો. અહેવાલમાં જણાવાયું હતું કે, અર્થવ્યવસ્થાને સુધરવામાં ઘણો સમય લાગી શકે છે અને શ્રમિકો માટે આગામી દિવસો મુશ્કેલીભર્યા જ રહેશે. ઉલ્લેખનીય છે કે, કોરોનાને કારણે ભારત સહિત વિશ્વભરનું અર્થતંત્ર નબળું પડી ગયું છે. ભારતમાં બે તબક્કામાં લોકડાઉનમાં ઉદ્યોગ-ધંધા બંધ રહ્યા હતા. લોકડાઉનમાં રાહત છતાંય ઉદ્યોગો સારી રીતે ચાલી શક્યા નહોતા. હવે અનલોક-૧ તમામ બધુ ખોલવા મંજૂરી અપાઈ છે ત્યારે લાખોની સંખ્યામાં પ્રવાસી મજૂરો તેમના ઘરે જતા રહ્યા છે. આ પરિસ્થિતિમાં આગામી સમયમાં કોરોના કેવો કહેર મચાવશે તે જોવું રહ્યું.

## તંત્રી સ્થાનેથી...

# અનલોક ૧ની બધડાટી:સરકારી હોસ્પિ.મા બનાવટી દવાઓ- સેનેટાઈઝર, પગલા લેવાશે કે કેમ....?

કોરોના બાબતે અગાઉ આ જ કોલમમાં વિશ્વભરમાં કોરોનાને લઈને કેવી સ્થિતિ પેદા થશે તે બાબતે ઉલ્લેખ કરવા સાથે દરેકને ચેતવવામાં આવ્યા હતા. વિશ્વભરમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા ૭૫ લાખ થવા પર આગળ વધી રહી છે... જ્યારે મૃતાંક૪.૨૦ લાખ તરફ આગળ વધવા જઈ રહ્યો છે... ભારતમાં કોરોનાએ ભરડો લીધો છે અને કોરોના સંક્રમિત લોકોની સંખ્યા ૨.૮૭ લાખથી આગળ વધી રહી છે.તો મૃતાક ૯૦૦૦ પર પહોંચવા આગળ વધતો જઈ રહ્યો છે. બે દિવસ પહેલાની ડબલ્યુએચઓની ચેતવણીએ લોકોની ચિંતા વધારી દીધી છે....ત્યારે ચીનના રોગ નિયંત્રણ કેન્દ્રના વડાએ અગમ વાણી ઉચ્ચારી છે કે કોરોનાને કારણે વિશ્વભરમાં ૧૦ કરોડ લોકોના મોત થવાની આશંકા છે. ભારતમાં જે પ્રકારે કોરોના સંક્રમિતોની સંખ્યા અને મૃત્યુ આંક વધતો જઈ રહ્યો છે તેને સમગ્ર ભારતના લોકોમાં ભારે ભયનું મોજું ફરી વળ્યું છે... ભારતમાં કોરોના ફેલાવવાનું કારણ માત્ર ટ્રમ્પની મુલાકાત કે સ્વાગત જ નહીં પરંતુ સરકારી તંત્રના ખોટા પગલાં, આરોગ્ય ક્ષેત્રે સંકલનનો અભાવ, જરૂરી મેડિકલ સુરક્ષા સાધનોની અછત વગેરે પણ છે.... પરંતુ **lockdown** ને ભૂલવા સાથે લોકોની સુરક્ષા ભૂલીને અનલોક-૧ની જાહેરાત અને છૂટછાટો આપી તે ખરેખર ભયાનક સાબિત થઈ રહી છે.....!! સરકારને નાણાંની જરૂર વધુ છે એટલે અમેરિકાના રસ્તે રાજસત્તા ચાલી અને અર્થતંત્રની ગાડી પાટે ચડાવવા ઉદ્યોગ-ધંધા, રોજગાર વગેરે માટે છૂટછાટો આપી... તેને ર્ફંષ્ઠાર્હ્વુહ સમયની સ્થિતિનું ધોવાણ કરી નાખ્યું છે....! સરકાર જાહેરાતો કરવામાંથી ઉંચી ન આવી તો સરકારી તંત્ર ગામડાઓ સુધી લોકોને કોરોના બાબતે જાગૃત કરવામા ઊણુ ઉતર્યુ છે.....! જે એક હકીકત છે....! ત્યારે હવે લોકોએ સરકાર જાગે કે ન જાગે.... પરંતુ આમ પ્રજાએ પોતાના ભવિષ્ય- જિંદગી બચાવવા માટે જાગૃત થઈ જવુ અતિ જરૂરી છે. જે પ્રકારે ચૂંટણી પૂરી થતા ચૂંટાયેલા નેતાઓ પાંચ વર્ષ સુધી સોશ્યલ ડિસ્ટન્સિગનું પાલન કરે છે તેમ લોકોએ પણ જરૂરત સિવાય બહાર નીકળવું બંધ કરવા સાથે માસ્ક અને દ્વૈજંટ્વહષ્ઠી જાળવવા અતિ જરૂરી છે..... નહીં તો શું થશે તેની કલ્પના કરતા હાજા ગગડી જાય છે......!! તો ગુજરાતમાં જે રીતે રોજેરોજ કોરોના સંક્રમિત સંખ્યા વધી રહી છે તે જોતાં ગુજરાતનુ અમદાવાદ વુહાન બની જવાની શક્યતા વધુ છે.....! તો ભારત પણ રશિયા,બ્રાઝિલ સહિતના દેશોની સમતળ આવી જવાની શક્યતા ઉદભવવા પામી છે.....!!

કોરોના મહામારી સમયમાં તકવાદીઓએ આમ પ્રજાને ચીજ વસ્તુઓના બેફામ ભાવ વસુલી લૂંટવાનું કામ કર્યુ છે.... ત્યારે કાળાબજાર કરનારાઓને ઝપટમાં લેનાર તંત્ર ઊંઘતું રહ્યું છે.....! તે હકીકત છે... તો લોકોના હેલ્થ સાથે પણ કેટલાક તકવાદીઓએ છેતરપિંડી, વિશ્વાસઘાત કર્યો છે... કોરોના ને કારણે દેશભરમાં ભય વ્યાપેલો છે. સરકારનું આરોગ્યતંત્ર સેનેટાઈઝર ઉપયોગ કરવાની ભલામણ કરે છે.. તો રાજ્યભરની જે તે સરકારી હોસ્પિટલોમા વાપરવા માટે પહોંચાડવામાં આવેલ સેનેટાઈઝર અને દવામાં પણ ગોલમાલ ભેળસેળ કે બનાવટી દવા-સેનેટાઈઝરની હકીકતો બહાર આવી છે. રાજ્યના ખોરાક અને ઔષધ નિયમનની વેબસાઈટ પર આપેલી વિગતો અનુસાર છેલ્લા છ મહિનામાં રાજ્યની સરકારી હોસ્પિટલોમાંથી સેનેટાઈઝર અને દવાના ૧૨૩ નમૂના લીધા હતા તેની ચકાસણી કરતા ૮૦ સેમ્પલ ફેઈલ નીકળ્યા છે. જેમાં નિરવ ફાર્માસ્યુટિકલમાંથી લેવામાં આવ્યા હતા. જેમાં આલ્કોહોલનુ પ્રમાણજ ન હતું અને ૧૪ બેન્ચ ફેઈલ ગઈ છે. મોટાભાગના સેમ્પલ ગુજરાત મેડિકલ કોર્પોરેશનના જ છે અને તેણે નિરવ ફાર્માસ્યુટીકલમાંથી હેન્ડ સેનેટાઈઝર ખરીદ્યા હતા... આ કારણે અનેક ડોકટર્સ સ્ટાફ કોરોના સંક્રમિત બન્યા હોવાની આશંકા છે.....! તો હોસ્પિટલો સામે પણ દવા- સેનેટાઈઝર બાબતે પ્રશ્નો ઊભા થઈ ગયા છે....! ત્યારે સરકારે આવા ઉત્પાદકોને આકરામાં આકરી સજા તથા દંડ સહિતની કાર્યવાહી કરવી જોઈએ...કારણ માનવ સુરક્ષાની બાબત છે. તેવી પ્રજામાં લાગણી છે. તો બીજી તરફ આરોગ્યતંત્રમાં કેવું ચાલી રહ્યું છે કે જેમાં સુરતના વરાછા ચીકુવાડીના ખોડીયાર નગર ખાતે એક ભાઈ છેલ્લા પાંચેક વર્ષથી હૃદય રોગનો સામનો કરી રહ્યા હતા હૃદય પાસે ધબકારા કન્ટ્રોલ માટે એક મશીન મૂકવામાં આવેલ હતુ... અને તેમનું મૃત્યુ તારીખ ૨૬ દ્બટ્ઠઅ ૨૦૨૦ ના થયું, અગ્નિસંસ્કાર પણ સરકારી નિયમોનું પાલન કરીને કરવામાં આવ્યા. ૨૭ મે ની સવારે આરોગ્ય અધિકારીઓની એક ટીમ સેનેટાઈઝરની સામગ્રી સાથે મૃતકના ઘર પાસે ઉતરી પડી અને તેમના ઘર પાસે હોમ કઘરેન્ટાઈનનું બોર્ડ લગાવી દીધુ મૃતકના ઘરને અને સમગ્ર સોસાયટીને સૈનેટાઈઝ કરી ઈન્ફેક્શન મુક્ત કરી દેવા સાથે સોસાયટીના દરવાજે ડેન્જર એરિયા- પ્રવેશ નિષેધ બોર્ડ લગાવી દીધુ ત્યારે એક જાગૃત નાગરિકે આરોગ્ય ટીમ પાસે મૃતટનો કોરોના રીપોર્ટ માંગતા આરોગ્ય ટીમે જે બોર્ડ- પાટીયા લગાવેલ તે ઉતારી લીધા ત્યારે આને શું કહીશું.....? સરકાર, આરોગ્ય તંત્ર અધિકારીઓ જાગે અને પ્રજાને ખોટી રીતે ડરાવવાનું બંધ થાય અને બાનમાં ન લે.... આ ગફલત માટે પગલાં લેવામા આવશે કે કેમ.....? વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૩/૦૬/૨૦૨૦, શનિવાર, જેઠ વદ-૮
સૂર્યોદય-૬-૦૪, સૂર્યાસ્ત-૭-૩૦, જૈન નવકારશી-૭-૫૧,
**આજની રાશિ : મીન (દ.ચ.ઝ.થ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રાપદ**

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરુ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૭-૪૫ થી શુભ-૯-૨૫ સુધી, ૧૨-૪૭થી ચલ-લાભ-અમૃત-૧૭-૫૦ સુધી, ૧૯-૩૦થી લાભ-૨૦-૫૦ સુધી, ૨૨-૦૯ થી શુભ-અમૃત-ચલ-૨૬-૦૬ સુધી

**- શુભ હોરા-**
૭-૧૧થી ૮-૧૮ સુધી, ૧૦-૩૩થી ૧૩-૫૪ સુધી, ૧૫-૦૨થી ૧૬-૦૯ સુધી, ૧૮-૨૩થી ૨૧-૧૬ સુધી

# આપના બાળકને ભણાવનાર શિક્ષકોની યોગ્યતા વિશે આપ જાણો છો?

ધોરણ-૧૦ નું ૬૦.૬૪ ટકા પરિણામ જાહેર થયું છે. ગત વર્ષ કરતા ૫ ટકા પરિણામ ઓછું જાહેર થયું છે. એટલુંજ નહિ ૧૭૪ શાળાઓનું શૂન્ય ટકા પરિણામ છે. ત્યારે ઘણાએ પ્રશ્નો ઉભા થયા છે ? શું કારણ હોઈ શકે ? શું વિદ્યાર્થી × ઢ × છે ? કે શિક્ષકો ગુણવત્તા વાળા નથી ? આ વિશે ચિંતનાત્મક અને વિશલેષણાત્મક સંશોધન અહેવાલોની ખાસ જરૂર ઊભી થઈ છે.




શાળા શિક્ષણમાં થયેલ ગુણવત્તાનું ધોવાણ અને ઊતરતી કક્ષાની અનિયંત્રિત ખાનગી શાળાઓનો જે રાફડો ફાટયો છે તે, ૬ થી ૧૬ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણમાં પાયાગત જરૂરિયાતો પૂરી પાડવાની રાષ્ટ્રીય ઘોષણાની સામે અનેક પડકાર ઊભા કરે છે. વધતાં જતાં ખાનગીકરણને લીધે અને શાળા શિક્ષણપ્રથામાં જોવા મળતા તફાવતોને લીધે બાળકોના ગુણવત્તાયુક્ત શિક્ષણના અધિકારમાં અચાનક જ અનેક મુશ્કેલીઓ પેદા થઈ છે. વર્તમાન શાળા-શિક્ષણ, આપણા બાળકો પર દબાણ લાવે છે. અભ્યાસક્રમનું વિસંગત માળખું બાળકોના સામાજિક અને વ્યક્તિગત પર્યાવરણથી તદ્દન વિમુખ છે તેને લીધે આ બોજ ઉદભવે છે.

શાળાઓમાં પહેલેથી જ બિનતાલીમી શિક્ષકોનું પ્રમાણ તથા તેમની અને નિમણૂંક માટે ડિગ્રીની જરૂરિયાતે + વર્તમાન સંસ્થાકીય ક્ષમતા પર ઘણું દબાવ ઊભું કર્યું છે. ઓછો પગાર + વેતન મળતા શિક્ષકોનું બજારું ક્ષેત્રોમાં+ સંસ્થાઓની સંખ્યામાં જબ્બર વધારો કર્યો છે. મોટી નિશાળો અન્ય નાની નિશાળો ના શિક્ષકો ને વધુ પગાર નું પ્રલોભન આપી ખરીદી લે છે તે પણ જોવા મળિયું છે . શિક્ષક-પ્રશિક્ષણ એક નફાકારક ધંધો બની ગયુ છે. તેમ જ શિક્ષકની અપૂરતી પડકાર બની ગયું છે . જ્યારે કોઈ વિષય માં શિક્ષક ન હોય તો બીજા શિક્ષકો ભણાવે છે ! જે, તે શિક્ષક નો મુખ્ય વિષય છે જ નહિ તો પણ ! વર્ષ આખું બાળકોનું શિક્ષણ રઝળી પડે છે. અન્ય શિક્ષકો પર કામનું ભારણ વધે છે ગુણવત્તા નહિ !રેગ્યુલર શિક્ષક તરીકે શાળામાં પરોક્ષ હાજરી, એટલે નવો શિક્ષક મળે નહી, આ પરિસ્થિતિમાં બાળકોનાં શિક્ષણની કેવી અવદશા થતી હશે તે કલ્પનાનો વિષય છે. બીટ નિરીક્ષક અધિકારી વર્ષમાં એકાદ વાર રૂટિનમાં વાર્ષિક નિરીક્ષણ અર્થે શાળામાં જાય છે. સબ સલામતની આલબેલ પોકારી રવાના થાય છે.

આજે કોઈ પણ નોકરી માત્ર જરૂરિયાત બની ગઈ છે.સારા પગાર..ઓછી કલાક..કોઈ પૂછનાર નહિ.નોકરી સાથે સાઈડ બિઝનેસ કરી શકાય એટલે શિક્ષક ની નોકરી સૌ પસંદ કરે છે. આજે શિક્ષણ નું વેપારીકરણ થયું તેનો પ્રારંભ ટ્યુશન પ્રથા માથી થયો છે. પણ યક્ષ પ્રશ્ન તો એ છે કે વિદ્યાર્થીઓને ટ્યુશન ની જરૂરત કેમ પડે છે ? કેમ કેટ નિશાળ માં શિક્ષકો યોગ્ય રીતે ભણાવતા નથી બધું લેશન ઘરે થી કરી લાવવા ની વાત થાય છે ! પછી વળી પોતાના બાળે હરીફાઈ + દેખાદેખી મેં ટ્યુશન + ક્લાસીસ માં વધુ ખર્ચે + આર્થિક બોજ નું વહન કરે છે !શિક્ષક શાળા કરતા વધુ મહેનત ટ્યુશન મા કરતો થયો..શાળા કરતા ટ્યુશન ક્લાસ નું મહત્વ વધી ગયું..કોઈ ને સગવડ હોય કે ન હોય..દીકરા કે દીકરીને ભણાવવા દેવાદાર બની ને પણ આ પ્રથાનો ભોગ બનવું જ પડે.ગુરુપણા નો ભાવ લુપ્ત થઈ ગયો.ક્યારેય કોઈ શિક્ષકે ગરીબ પરિવાર ના દીકરા કે દીકરીને મફત ટ્યુશન નથી કરાવ્યું..એટલેકે "સેવા" શબ્દ લોભી શિક્ષકો ના લીધે લુપ્ત થઈ ગયો .ખાનગી શાળા હોય કે ખાનગી ટ્યુશન.ખૂબ મોટા તરકટો પરિક્ષા અને પરિણામો સમયે થાય છે.શિક્ષણ ને વેપારીકરણ નું કલંક લગાવનાર લોભી ટ્યુશનીયા શિક્ષકો જ છે.

હવે મુખ્ય વાત પર આવીએ :-?

બાળક + વિદ્યાર્થી નફ્ફટ છે + તોફાની છે + ઢ છે + લેશન નથી કરતો આ બધું જ સાચું .પણ જો ગુરુ ઉત્તમ કક્ષા ના મેઈ તો શિષ્ય ગુરુનું નામ ઉજ્જવળ કરે છે. બાળક ને શિક્ષણ + સંસ્કાર + સંસ્કૃતિ નુ જ્ઞાન માતા + નિષ્ઠાવાન ગુરુજ આપી શકે છે... . બાળક ના ભવિષ્ય નો આધાર માતાપિતા સાથે સાથે શિક્ષક ના યોગદાન પાર નિર્ભર હોય છે . બાળક ને વખોડી નાખવાથી માતાપિતા + શિક્ષક છૂટી શકતા નથી . એટલેજ માતાપિતા બાળકો ને ભણાવા નિશાળે મોકલે છે .

વિદ્યાર્થીઓની સિદ્ધિઓની ગુણવત્તા અને પ્રમાણનો આધાર શિક્ષકની ક્ષમતા + સંવેદનશીલતા + શિક્ષકના પ્રોત્સાહન પર છે. એ પણ સુવિદિત બાબત છે કે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓની પ્રાપ્તિ માટે અભ્યાસલક્ષી વાતાવરણ અને શિક્ષકનું શૈક્ષણિક અને વ્યાવસાયિક સ્તર આવશ્યક ઘટકો છે. શિક્ષક પોતાના વિષયનું જ્ઞાનની ગુણવત્તા + વિવિધ પરિસ્થિતિઓમાં શિક્ષક માટે જરૂરી અધ્યાપન કૌશલોનું જ્ઞાન + વિધ્યાર્થીઓ પ્રત્યેની નિષ્ઠાની કક્ષા + સંવેદનશીલતા + શિક્ષકની ધગશ + વર્ગખંડમાં અભ્યાસક્રમના હેતુઓ સિદ્ધ કરવા માટે તથા વિદ્યાર્થીની શિક્ષા માટે અને સરવાળે સામાજિક પરિવર્તન માટે અતિ આવશ્યક બાબત છે. શિક્ષકની ગુણવત્તા પર તેઓનું શૈક્ષણિક + તાલીમ પદ્ધતિ પાસેથી એવી અપેક્ષાઓ રાખવામાં આવે છે સમર્થ શિક્ષકો પ્રાપ્ય બનાવે. પ્રારંભિક શિક્ષકપ્રશિક્ષણ શિક્ષકના ઘડતરમાં એક અગત્યની ભૂમિકા ભજવે છે.

વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરાવવા માટે વાલીઓની મીટિંગ બોલાવીને તેઓને બાળકની પ્રગતિ વિશે જાણાકરી આપવા માયા આવે છે પણ શું શિક્ષક વિષે ની જાણકારી વાલીઓને આપવા માં આવે છે ? શું આપણા બાળક ને ભણાવતા શિક્ષક પાસે એક તરફ અભ્યાસક્રમ માટેની સમજ + વિષય અંગેનું પર્યાપ્ત જ્ઞાન + શિક્ષણશાસ્ત્રના કૌશલ્યો ધરાવે છે ? જે તે વિષય ભણાવતા શિક્ષક નો બાયોડેટા કેટલા વાલીઓ પાસે છે ? વર્તમાન શિક્ષક આપણા બાળકમાં જ્ઞાન + સામથર્ય પ્રતિભા+ પૂર્ણ શારીરિક + માનસિક + સાંસ્કૃતિક + સંસ્કાર નો વિકાસ કરી શકે તેટલા યોગ્ય છે ? ઈંગ્લીશ મેડિયમ ના વિદ્યાર્થીઓ કેટલું શુદ્ધ + સારું ઈંગ્લીશ બોલી + લખી શકે છે ? કેટલી ઈંગ્લીશ મેડિયમ નિશાળો માં ચ ૫૦ % માં પણ આ યોગ્યતા નથી, વિદ્યાર્થીઓ માં ઈંગ્લીશ બોલી + લખી શકવાની ક્ષમતા છે ? તેનું અવલોકન કોણ અને કેવીરીતે કરી શકે ? આ મુદ્દો નિશાળ + શક્ષકોની ગુણવત્તા નું પ્રમાણ સિદ્ધ કરે છે.

કોઈ પણ વિષય ના પાઠ્યપુસ્તક ના બધાં જ પાઠ + ચેપટર શિક્ષક ભણાવે છે ? અભ્યાસક્રમ પૂર્ણ કરે છે ? આપણા બાળક ના અભ્યાસક્રમો + પદ્ધતિઓ + શિક્ષક પાસેથી રાખવામાં આવતી અપેક્ષાઓ સંતોષે તેવી છે ? ભણતર ની ગુણવત્તાયુક્ત કેટલી પ્રબળ + શુદ્ધ છે જે આપણા બાળકના ભવિષ્યને ઉજ્જવળ બનાવી શકે તેમ છે ? અલ્પ સુસજ્જ શિક્ષકોને લીધે વર્તમાન સમયમાં મોટા ભાગની માધ્યમિક શાળાઓમાં નબળી ગુણવત્તાવાળું શિક્ષણ અપાય છે.

પાઠયપુસ્તકો સ્વતઃ જ્ઞાન કે સમજનો વિકાસ કરનારા નથી. અધ્યયન વર્ગખંડની ચાર દીવાલો વચ્ચે કેદ હોતું નથી.શિક્ષણ અંગેનો આ દ્રષ્ટિબિંદુ શિક્ષક તૈયાર કરવા અંગે પુનર્વિચારણા માંગી લે છે. અભ્યાસક્રમને ઓછો પુસ્તક-કેન્દ્રિત બનાવીને તેને વધુ સમૃદ્ધ કરવો અનિવાર્ય છે. શિક્ષકો નું ગુણવત્તા ૧૦૦ % યોગ્ય હોય તોજ વિદ્યાર્થી પણ સફળતા ને પામી શકે છે. આ સમુચી ચર્ચા માં નિષ્ઠાએ + યોગદાન બંને મહત્વ નું કેન્દ્ર બિંદુ છે જેંમા શિક્ષક + વાલી + વિદ્યાર્થી નો તાલમેલ શિસ્તબદ્ધ હોવ અનિવાર્ય છે ..

આ વાતને વ્યક્તિગત ન લેવી આ વિશ્લેષણ સાર્વજનિક સંજોગો પર પ્રહાર છે. અને જો આ વિષય આપને પીડા આપતો હોય તો સ્વતઃ મંથન અવશ્ય કરવું .

જય જય ગરવી ગુજરાત......
જય શ્રી કૃષ્ણ.....
ભારત માતા કી જય......
વંદે માતરમ ......

# બુલિયન, બેઝ મેટલ્સ ઈન્ડાઈસીસ પર વાયદા માટે એમસીએક્સને સેબીની મંજૂરી

મુંબઈ, તા.૧૨

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશનું અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ)ને આઈકોમડેક્સ બુલિયન અને આઈકોમડેક્સ બેઝ મેટલ્સ જેવા ઈન્ડાઈસીસ પર વાયદા માટે સેબીની મંજૂરી મળી છે અને ટૂંક સમયમાં આ બંને સૂચકાંકોના વાયદા એક્સચેન્જ પર શરૂ કરવામાં આવશે. આ બંને ઈન્ડાઈસીસમાં લોટ સાઈઝ ૫૦ની રહેશે, જ્યારે કોન્ટ્રેક્ટ્સ કેશ સેટલ્ડ રહેશે. લઘુત્તમ માર્જિન ૫ ટકાનું રહેશે, જ્યારે ટિક સાઈઝ રૂ.૧ની રહેશે. બુલિયન ઈન્ડેક્સમાં સોનું અને ચાંદી હશે, જ્યારે બેઝ મેટલ્સમાં પાંચ બેઝ મેટલ્સનો સમાવેશ કરવામાં આવશે. એક્સચેન્જ પ્રથમ બુલિયન ઈન્ડેક્સ ફ્યુચર્સ ઓગસ્ટ મહિના અને બેઝ મેટલ ફ્યુચર્સ ઈન્ડેક્સ ઓક્ટોબર મહિનાની પાકતી તારીખના શરૂ કરવાનું વિચારી રહ્યું છે. આઈકોમડેક્સ બુલિયન ઈન્ડેક્સમાં સોનાનું વેઈટેજ ૭૦.૫૧૬૯૨૫ ટકા અને ચાંદીનું ૨૯.૪૮૩૦૭૫ ટકાનું રહેશે, જ્યારે આઈકોમડેક્સ બેઝ મેટલ્સ ઈન્ડેક્સમાં એલ્યુમિનિયમનું વેઈટેજ૯.૪૮૧૦૨૩૦ટકા, તાંબાનું ૨૯.૮૦૭૦૨૭ ટકા, સીસાનું ૧૨.૮૮૧૬૩૨ ટકા, નિકલનું ૧૪.૭૬૭૪૦૫ ટકા અને જસતનું વેઈટેજ ૩૩.૦૬૨૯૧૩ ટકાનું રહેશે.

દરમિયાન, શુક્રવારે વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૨૧૯૪૧૬ સોદામાં રૂ. ૧૧૯૪૫.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ. ૧૧૫૮૬.૮૬ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૩૫૮.૯૦ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સાર્વત્રિક નરમાઈનો માહોલ હતો. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ પણ ઘટી આવ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, એલચી અને સીપીઓના વાયદા વધવા સામે કોટન અને મેન્થા તેલ ઘટ્યા હતા.કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૯૨૮૪૭ સોદાઓમાં રૂ. ૫૬૧૩.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૭૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૭૩૨૦ અને નીચામાં રૂ. ૪૭૦૬૫ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૯ ઘટીને રૂ. ૪૭૨૬૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૧૭ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૮૧૩૬ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૦ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૭૪૦ થયા હતા, જ્યારે સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૭૬ ઘટીને બંધમાં રૂ. ૪૭૨૨૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૦૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૨૫૯ અને નીચામાં રૂ. ૪૭૫૦૦ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૧૮ ઘટીને રૂ. ૪૮૧૨૧ બંધ રહ્યો હતો. ચાંદી-મિની જૂન રૂ. ૫૯૫ ઘટીને રૂ. ૪૮૪૩૧ અને ચાંદી-માઈક્રો જૂન રૂ. ૫૭૫ ઘટીને રૂ. ૪૮૪૩૪ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૯૭૩૪૮ સોદાઓમાં રૂ. ૩૧૯૭.૧૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૨૬૭૧ ખૂલી, ઊપરમાં રૂ. ૨૭૮૭ અને નીચામાં રૂ. ૨૬૫૨ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ ઘટીને રૂ. ૨૭૬૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૦૫૧ સોદાઓમાં કુલ રૂ. ૧૬૮.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જૂન વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૫૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૫૮૦ અને નીચામાં રૂ. ૧૬૨૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૦ ઘટીને રૂ. ૧૬૪૧૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જૂન કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૬૭૮.૬ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫.૨ વધીને બંધમાં રૂ. ૬૮૭.૭ ના ભાવ હતા, જ્યારે એલચી જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૫૭૦ ખૂલી, અંતે રૂ. ૮ વધીને રૂ. ૧૫૭૦ થયો હતો. મેન્થા તેલ જૂન વાયદો કિલોદીઠ રૂ. ૧૦૩૩ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૩ અને નીચામાં રૂ. ૧૦૧૫.૫ રહી, અંતે રૂ. ૧૦૧૯.૯ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૧૦૧૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૦૩૬ અને નીચામાં રૂ. ૧૦૧૮.૫ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯.૦૦ વધીને રૂ. ૧૦૩૫ ના સ્તરે બંધ રહ્યો હતો. વાયદાઓમાં કામકાજની દષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૨૪૦૯૨ સોદાઓમાં કુલ રૂ. ૩૨૨૦.૬૯ કરોડ ની કીમતનાં ૬૮૨૫.૯૨૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૮૭૫૫ સોદાઓમાં કુલ રૂ. ૨૩૯૨.૪૪ કરોડ ની કીમતનાં ૪૯૬.૩૧ ટન, ક્રૂડ તેલમાં ૬૪૫૯૭ સોદાઓમાં રૂ. ૨૩૦૨.૬૦ કરોડનાં ૮૪૬૯૪૦૦ બેરલ્સ, કોટનમાં ૪૦૨ સોદાઓમાં રૂ. ૨૯.૧૬ કરોડનાં ૧૭૬૫૦ ગાંસડી, સીપીઓમાં ૧૫૭૬ સોદાઓમાં રૂ. ૧૩૪.૯૪ કરોડનાં ૧૯૯૮૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૫૭ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૨૯ સોદાઓમાં રૂ. ૩.૪૩ કરોડનાં ૩૩.૪૮ ટન, કપાસમાં ૪૩ સોદાઓમાં રૂ. ૧.૦૩ કરોડનાં ૨૦૦ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૫૮૧.૯૫૩ કિલો, ચાંદીના વાયદાઓમાં ૪૯૬.૬૯૫ ટન, ક્રૂડ તેલમાં ૪૮૧૨ બેરલ્સ, કોટનમાં ૧૦૬૫૨૫ ગાંસડી, સીપીઓમાં ૫૫૮૨૦ ટન, એલચીમાં ૧.૧ ટન, મેન્થા તેલમાં ૭૦.૨ ટન અને કપાસમાં ૧૨૦ટનના સ્તરે રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૩૫૮.૯૦ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૭.૫૮ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૩૭.૧૩ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૬૨.૮૭ ટકાનો હતો. સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૧૦ ખૂલી, ઊપરમાં રૂ. ૫૮૭ અને નીચામાં રૂ. ૫૧૦ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૫૬૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૩૨૯.૫ અને નીચામાં રૂ. ૨૭૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૮૫ બંધ રહ્યો હતો.

ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧૨૩૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૩૯ અને નીચામાં રૂ. ૧૧૯૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૮૫.૫ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૭૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૮૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૯૧૮ અને નીચામાં રૂ. ૬૮૬ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૭૩૮.૫ બંધ રહ્યો હતો. ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૨૮૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૬૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૫ અને નીચામાં રૂ. ૫૧.૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૧.૭ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૭૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જૂન કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૦૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧૪૪.૯ અને નીચામાં રૂ. ૭૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૩.૮ બંધ રહ્યો હતો.

# દેશમાં કોરોના મહામારી હજુ અનેક મહિના સુધી ચાલશેઃ નીતિ આયોગ




ન્યુ દિલ્હી,તા.૧૨

કોરોના વાયરસ મામલે સીરો સર્વે રિપોર્ટ સામે આવ્યા બાદ નીતિ આયોગે દેશમાં મહામારી સામેની લડાઈ હજુ અનેક મહીના સુધી ચાલશે તેની પૃષ્ટિ કરી છે. આયોગના સદસ્ય ડો. વીકે પોલે જણાવ્યું કે, આ રિપોર્ટમાં દેશમાં લોકડાઉન સફળ રહ્યું તેની પૃષ્ટિ કરવામાં આવી છે અને સામૂદાયિક ફેલાવો રોકવામાં સફળતા મળી હોવાનું જણાવાયું છે. આ સર્વેમાં એપ્રિલ મહીના સુધીની સ્થિતિ અંગે જાણકારી અપાઈ છે.

ડો. પોલે જણાવ્યું કે, કોરોના વાયરસ અંગે આ વિશ્વનો સૌથી મોટો સીરો સર્વે છે અને તેનાથી એક ટકા કરતા પણ ઓછી વસ્તીમાં વાયરસની અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ રિપોર્ટ ૩૦મી એપ્રિલ સુધીની સ્થિતિ દર્શાવે છે. મે મહીનાના ત્રીજા સપ્તાહમાં આ અભ્યાસ કરવામાં આવ્યો હતો એન્ટીબોડી બનવામાં ૧૫ દિવસ લાગે છે. આમ એપ્રિલ મહીના સુધી આટલા મોટા દેશમાં સંક્રમણ એક ટકાની વસ્તીથી પણ ઓછામાં ફેલાયું તે એક મોટી સફળતા છે.

તેમણે અન્ય દેશોની તુલનાએ દેશમાં મૃત્યુ દર પણ ઓછો હોવાની માહિતી આપી હતી. સાથે જ હજુ આપણે શરૂઆતના તબક્કામાં જ છીએ અને દેશની વસ્તી હજુ પણ અતિ સંવેદનશીલ છે તેમ જણાવ્યું હતું. વાયરસ બાકીની વસ્તીને પણ જકડી શકે છે માટે વડીલો, ગર્ભવતી મહિલાઓ અને પહેલાથી જ બીમાર હોય તેવા લોકોને બચાવીને રાખવા જરૂરી છે.

### કોરોના મહામારી વચ્ચે પંજાબ સરકારનો મોટો નિર્ણય

# વીકએન્ડ, પબ્લિક હોલિડે પર કડક લોકડાઉન લાગુ કરવામાં આવશે

ચંડીગઢ,તા.૧૨

પંજાબમાં સતત વધી રહેલા કોરોનાના કેસને ધ્યાનમાં રાખીને સરકારે આકરૂં પગલું ભર્યું છે અને લોકોને કોરોનાથી બચાવવા ફરીથી લોકડાઉનની જાહેરાત કરી છે. જોકે આ વખતના પ્રતિબંધો લોકડાઉન-૧ જેટલા આકરા નહીં હોય. સરકારી આદેશ પ્રમાણે પંજાબમાં વીકએન્ડ અને પબ્લિક હોલિડે પર સંપૂર્ણ લોકડાઉન લાગુ રહેશે.

મતલબ કે પંજાબમાં શનિવારે અને રવિવારે સરકારી રજા હોય ત્યારે દુકાનો નહીં ખોલવામાં આવે. તે સિવાય આ દિવસોમાં રાજ્યમાં ટ્રાન્સપોર્ટેશન પર પણ પ્રતિબંધ મુકાયો છે. આદેશ પ્રમાણે જે લોકો ઈ-પાસ ધરાવતા હશે માત્ર તેમને જ અવર-જવરની મંજૂરી આપવામાં આવશે. તે સિવાય પંજાબ સરકારે ઔદ્યોગિક એકમો સપ્તાહના સાતેય દિવસ ખુલ્લા રહેશે તેવી સ્પષ્ટતા કરેલી છે.ઉલ્લેખનીય છેકે પંજાબ સરકારના લાખ પ્રયત્નો છતા પંજાબમાં કોરોનાના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..
# આયોજક : પ્રદીપ રાવલ

"નિષ્ફળતામાં જ સફળતા"

સફળ થવા માટે જરૂરી પરિબળ હોય તો એ છે પરિવાર અને મિત્ર પણ સફળતાનાં શિખરે પહોંચવા માટે કોઈ દુશ્મન કે પ્રતિસ્પર્ધીની જ જરૂર હોય છે. જો કોઈ પ્રતિસ્પર્ધી જ ન હોય તો સ્પર્ધાનું મહત્વ કેટલું? દોસ્તો પ્રતિસ્પર્ધી જેટલો મજબૂત હશે એટલી જ સ્પર્ધામાં મજા આવશે. વિજેતા થવાની હોડમાં જેટલો તમારો વધુ પરિશ્રમ એટલાં તમે સફળ . કદાચિત ઘણી વખત સ્પર્ધામાં તમે નિષ્ફળ પણ ગયાં હશો પણ કોઈ વાંધો નહી કારણ આવી નિષ્ફળતા જ માનવીને શ્રેષ્ઠ બનાવી શકે છે.

ઘણીવાર આપણે વિચાર કરીએ છીએ મેં તો મારી ૧૦૦%મહેનત કરી તો પણ હું નિષ્ફળ કેમ? ત્યારે આપણે એ કેમ નથી વિચારતાં કે મારાથી વધારે યોગ્યતા સામેવાળા વ્યકિત વિશેષમાં હશે! બસ આપણે આપણી નિષ્ફળતાને પચાવી કેમ નથી શકતાં? દોસ્તો બાળક જયારે ચાલતાં શીખે ત્યારે પડે છે , રડે છે પાછું ઊભું થઈ ચાલવાં લાગે આમ પડતાં આખડતાં એ ચાલતાં તો શીખે જ છે પણ જો પડવાનાં ડરથી એ બેસી રહેશે તો કયારેય ચાલતાં શીખશે જ નહીં ! દોસ્તો એટલે સફળ થવા માટે બે તત્વોની જરૂર છે, "ભૂલ અને નિષ્ફળતા"

આદિમાનવ એટલે આપણાં પૂર્વજો ચાર પગે ચાલતાં પણ પછી તેઓ બે પગે ચાલવામાં સફળ થયાં એટલે બે હાથ આઝાદ થયાં. બે હાથ અને એક વિકસિત મગજથી એમણે ઘણા બધાં આવિષ્કાર કરી આ પૃથ્વી વિકસિત કરી. અહી હું એક વૈજ્ઞાનિકની વાત કરીશ નામ છે ★થોમસ આલ્વા એડીસન એમણે પણ વિજળીનો આવિષ્કાર કર્યો ત્યારે પ્રાથમિક તબક્કે એમને નિષ્ફળતા જ મળી હતી . એમણે સતત ત્રણ વર્ષની મહેનતમાં લગભગ ૭૦૦જેટલાં પ્રયોગો નિષ્ફળ થઈ ગયાં હતાં. ત્યાં સુધી કે એનાં સાથીદારો પણ કંટાળી ગયાં અને આ પ્રયોગ બંધ કરી દેવા કહેતાં ત્યારે એડીસને એમને ખૂબ જ સરસ રીતે સમજાવ્યાં અને એમનાં સાથીદારોનો જુસ્સો વધારવા કહેતાં, "આપણે ૭૦૦ભૂલો તો આપણી થઈ ગઈ હવે બસ થોડાં જ પ્રયત્ન કરવાનાં છે .આપણે આપણી ભુલોમાંથી જ નવું શીખીને આગળ વધવાનું છે,આપણે એક દિવસ જરૂર સફળ થઈશું.

" ખરેખર દોસ્તો અને બન્યું પણ એવું ફકત છ મહિનામાં જ સફળતા એમને હાથ લાગી પણ જો નિષ્ફળતાથી થાકી હારીને બેસી ગયાં હોત તો આ જગતમાં અંધકાર જ હોત કયારેય પ્રકાશનો ઝગમગાટ આ દુનિયામાં હોત જ નહી! એડીસને વીજળી પેદા કરવાં પોતાના જ પિતાની ઘાસની ગંજી પણ બાળી નાખી હતી ,આમ કરવામાં એમને પિતાનો ઠપકો પણ સાંભળવો પડયો હશે! એમણે એમની નિષ્ફળતામાંથી નવું શીખીને આ જગતને રોશન કરી દીધું. મને એક સવાલ છે કે નિષ્ફળતા કેટલાં પચાવી શકે છે? અરે , આપણું તો છોડો આપણે તો આપણાં બાળકોને પણ એટલાં દબાવી દીધાં છે કે આ બાળમાનસ નિષ્ફળતાથી ગભરાય છે . આમાં વાંક આજના માતાપિતાનો છે . પહેલાં તો તેઓ પોતાના બાળકોને કાંઈ કરવાં જ દેતાં નથી અને જો બાળક કદાચિત પોતાની જાતે કરવાં જાય તો તેમાં પણ પોતાની નકારાત્મક સોચ આગળ ધરી દે છેઅને કદાચિત એટલે જ હવે એડીસન જેવાં મહાન વૈજ્ઞાનિક જન્મ લેતાં નથી. મને આજનાં માતાપિતાને કહેવાનું મન થાય છે કે તમારાં બાળકોને નિષ્ફળતા પચાવવાની હિંમત આપશો તો કદાચિત ૧૦કે૧૨, ની પરીક્ષાનાં પરિણામ વખતે આપઘાતનું પ્રમાણ નહીવત થઈ જશે . જયારે પરિણામનાં ડરથી કોઈ બાળક આત્મહત્યા કે છે ત્યારે એક સવાલ ચોક્કસ થાય છે ,"અરે!શું થયું હશે?કેમ આ બાળકે આમ કર્યુ?આપણે એ વિચાર કેમ નથી કરતાં કે આ બાળકને આવું પગલું ભરવા પ્રેર્યો કોણે? આપણે અને આપણો સમાજ કારણ ઉત્તમ ગુણ મેળવવાની હરિફાઇમાં પોતે સક્ષમ નથી અને સમાજમાં હાંસીપાત્ર ઠરવા કરતાં એમને મરવું વધારે સરળ લાગે છે .આજે ૯૦%ગુણે પણ સારી કોલેજમાં પ્રવેશ મળ્યો નથી અને તમારાં બાળકને કેટલાં ટકા આવ્યાં એ જાણવાની તાલાવેલી સમાજને વધારે હોય છે અને રખેને જો કોઈ બાળકને ઓછાં ટકા આવે તો ખરખરો કરતાં હોય એમ કહેશે , "બસ આટલાં જ ટકા આવ્યાં હવે કયાંય એડમિશન નહીં મળે".

અરે!તમારે આની ચિંતા કરવાની જરૂર નથી કોઈને કોઈ કોલેજ એને પ્રવેશ જરૂર આપી દેશે. અહીં મને મારા મિત્રની વાત યાદ આવે છે એ હંમેશા કહેતાં આ કોલેજવાળાએ થોડી જગ્યા આ ઓછાં ટકા વાળા વિદ્યાર્થી માટે અનામત રાખવી જોઈએ કારણ સારા ટકા આવ્યા હોય એને તો કોઈપણ કોલેજોમાં પ્રવેશ મળી જશે પણ જો કોઈ નબળો વિદ્યાર્થી તમારી તમારી કોલેજમાં ભણીને આગળ વધીને એનું ભવિષ્ય ઉજ્જવળ બનાવે અને કદાચ એ વિદ્યાર્થી ડોક્ટર કે એન્જીનિયર કે પછી સીએ બની જાય.દોસ્તો કહેવાનો તાત્પર્ય એ છેકે પ્રત્યેક માતાપિતા પોતાનાં બાળકની લાયકાત સમજી અને એનાં પર દબાણ ન કરીને એની નિષ્ફળતા પર સમજાવટથી કામ લેશે તો કદાચિત આવા ભૂલકાનું આપઘાતનું પ્રમાણ ઘટી જશે અથવા તો રહેશે જ નહીં . આજનાં માતાપિતા એમનાં બાળકોનાં સુષુપ્ત મનને જાગૃત કરી એમને છુટ્ટા મને ઉડવા માટે અવકાશ આપશો તો કદાચિત આગામી વર્ષોમાં કોઈ નવો એડીસન આપણને કોઈ નવાં જ પ્રકાશ તરફ લઈ જશે!!!!!!

જીજ્ઞા કપુરિયા નિયતી....(ગ્રુપ સંચાલક)

---

ચા

"મહારાણી, સાત થવા આવ્યાં હવે તો ચા મળશે કે નહીં?" આ કંઈ નવું ન હતું આરોહી માટે! રોજ ડ્રોઈંગ રૂમમાંથી રસોડા સુધી આવતાં શબ્દો આરોહીના દિલે ઘા કરી "અન્નપૂર્ણા" ઘરમાં ખોવાઈ જતાં.

"પાંચ લાખ લગ્ન પછી આપવાના કીધાં હતાં. આઠ મહિના થયા હજી તેનાં નાલાયક બાપે પહોંચાડ્યા નથી. એક મહિનાની રાહ જોઈએ, નહીં તો પછી.." એકદમ ધીમેથી બોલાયેલા વાક્યો, પણ આરોહી સુધી પહોંચી ગયાં ખરા! "કેટલી વાર હજી ચાને?" ઝડપભેર આવેલા શબ્દો ફરી તેના કાને પડ્યાં અને ગેસનાં બટન પર રહેલો હાથ રોષમાં ફર્યો. ગેસની જ્વાળા ભભૂકી ઉઠી.

તાપ વધતાં એક મિનીટમાં તો ચા તપેલીનું બંધન છોડી વહેવા માંડી. આરોહી નિશ્ચિંત બની વહેતી ચાને જોઈ રહી, "શું આ જ ઉપાય છે?"

વંદના વાણી (ગ્રુપ નિર્ણાયક)

---

ગઝલ: ભાગવાનું છે.

ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગા

ભાર ઓઢીને જગતનો ભાગવાનું છે,
શ્વાન તાણે છે શકટને,માનવાનું છે.
મેં કર્યું આ,મેં કર્યું તે,છે બધું ખોટું,
જેમ આ ઈશ્વર નચાવે,નાચવાનું છે.
છે મુસીબત ખૂબ તો રસ્તાય છે અઢળક.
આ ખુદા સૌને ચલાવે,ચાલવાનું છે.
હો ભલેને સાવ ખાલી વ્યોમ વાદળ સૌ,
આપણે વરસાદ માફક ગાજવાનું છે.
છે બધું મંજૂર છેવટ માણસાઈમાં,
ભૂલ તારીને અમારે લાજવાનું છે.
ને સફરમાં સાથ તારો,સ્વપ્ન છે કે શું?
ખોટી એ દીવાનગીમાં રાચવાનું છે.
કેટલું ભેગું કર્યું પણ કામ આવ્યું ના,
મૂલ્ય કેવળ ત્યાં કરમના ત્રાજવાનું છે.
ના મળે ઈશ્વર બધાને એમ રસ્તામાં,
છે જુદા મારગ બધાના,ધારવાનું છે.
એક મહેફિલ છે અમારી સાવ અંગતને,
દોસ્ત હળવા ફૂલ થઈને આવવાનું છે.

ડો. કિશોર ઠક્કર, (ગ્રુપ સહ સંચાલક)

---

વિષય : બળાત્કાર

કેટલા ખેદની વાત છે કે બળાત્કાર શબ્દ આજે નિબંધનો વિષય થઈ ગયો છે.અત્યાર સુધી જેજે નિબંધો મેં લખ્યા છે તેતે નિબંધોમાં આટલો વિષાદ ક્યારેય નથી અનુભવ્યો જેટલો આ વિષય પર લખવા બેઠી ત્યારે અનુભવ્યો.બળાત્કાર જેવો વિષય આજે ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળીને વિશાળ સમુદાય વચ્ચે ચર્ચાવા લાગ્યો છે.જે ભારતદેશની પ્રજાએ ભારતમાતાને અંગ્રેજોની ગુલામીમાંથી છોડાવવા,એની રક્ષા કાજે આંદોલનો કર્યા,રેલીઓ કાઢી,જેલ ભરો આંદોલનો કર્યા, શહીદી વ્હોરી લીધી, હસતે મોઢે ફાંસીને માંચડે ચઢી ગયા, સત્યાગ્રહો કર્યા, આખો દેશ એક જૂટ થઈને અંગ્રેજો સામે લડ્યો અને અંગ્રેજોને હાંકી કાઢ્યા..........!! આજે □દય ચચરે છે, નિસાસો નંખાઈ જાય છે એ જોઈને, કે આજે એજ દેશના વાસીઓએ એજ આંદોલનો કરવા પડે છે,પોતાનો વિરોધ,આક્રોશ રેલીઓ કાઢી પ્રદર્શિત કરવો પડે છે.શેના માટે? તો કહે છે એક સ્ત્રીને ન્યાય અપાવવા.એના પર ગુજારેલા બળાત્કારના અત્યાચારીઓને સજા અપાવવા.આપણી પ્રજા જાણે છે કે જો આપણે અવાજ નહીં ઊઠાવીએ તો આ નિષ્ક્રિય પોલીસતંત્ર, નિંભર રાજકારણીઓના પેટનું પાણી નહીં હલે. અને ભારતની બેટીને ન્યાય નહીં મળે.પરંતુ આ બળાત્કારની સમસ્યા માટે જવાબદારી શું કોઈ એકની છે? ના આ સમસ્યા માટેની જવાબદારી સહીયારી છે.જવાબદારીઓને જો ક્રમમાં ગોઠવીએ તો પ્રથમ જવાબદારી આવે છે ફિલ્મોની અને આધુનિક ફેશનની. કારણ આપણા પ્રસારમાધ્યમો જે પ્રકારની ફિલ્મો બનાવે છે તે માત્ર અને માત્ર નાણાં કમાવવા. નાણાં મેળવવા અને વકરો વધારવા ફિલ્મોમાં છેકજ નીચલા સ્તરની અશ્લીલતા દર્શાવવામાં આવે છે.ફિલ્મોમાં જે આઈટમ ગીતો બતાવવામાં આવે છે તેના શબ્દો, નટીઓ દ્વારા કરવામાં આવતા ચેનચાળાંઓને જેટલા બને એટલા વધારે કામુક બતાવવામાં આવે છે.જેને આખી ફીલમની વાર્તા સાથે ક્યાંય પણ સ્નાનસૂતકનોય સંબંધ નથી હોતો.ફિલ્મોમાં બતાવવામાં આવતા બળાત્કારના દ્રષ્યો એટલી હદે વિકૃત બનાવવામાં આવે છે કે એ જોઈને બળાત્કારીઓને વધારે પ્રોત્સાહન મળે છે.આપણા સમાજમાં અમુક સ્તરના લોકોના માનસ પર બોલીવુડની અસર ઘણીજ ઊંડી થતી હોય છે.એ સ્તરના લોકો આવા દ્રષ્યોને હકીકત માને છે અને એ હકીકતને જીવવા સતત પ્રયત્નશીલ રહે છે.આપણે ઘણીવાર છાપાંઓમાં વાંચીએ છીએ કે સાંભળીએ છીએ કે ફલાણી ફિલ્મ જોઈને ખૂન કરવાનો આઈડીયા લીધો. ભૂતકાળમાં પણ એકદૂજે કે લિયે ફિલ્મ જોઈને ઘણાં પ્રેમીપંખીડાઓએ આત્મહત્યા કર્યાના કિસ્સાઓ નોંધાયા હતા. એવીજ રીતે 3 ઈડીયટસ નામની ફિલ્મ જોઈને ઘણાં વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી હતી.આ બધા ઉદાહરણો ટાંકીને કહેવાનો સાર એજ છે કે આપણી હિંદી ફિલ્મો સમાજ પર ખૂબ ઊંડી છાપ છોડે છે.જેને ભૂંસવા માટેનું રબર આજ સુધી શોધાયું નથી.સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિનું માનસ હકારાત્મક અને નકારાત્મક વિચારોમાંથી નકારાત્મક વિચારોને તાબડતોબ ગ્રહણ કરી લે છે.અને તેથીજ ફિલ્મોમાં જે નકારાત્મક પ્રવૃત્તિ કે ક્રીયાઓ બતાવવામાં આવે છે તેને તે પોતાના મનના માઈક્રોસ્કોપમાં મૂકીને જૂએ છે.અને પોતાના મગજની મેમરીમાં એને ફીટ કરી રાખે છે અને તક મળતાં જ એનો દુરુપયોગ કરતાં જરાપણ અચકાતો નથી. હવે બીજા ક્રમે જવાબદારી આવે છે આધુનિક ફેશનની. આજે તમે કોઈપણ કોલેજ પાસેથી પસાર થાવ તો તમને ત્યાંની આસપાસનો સિનારીયો ફેશનપરેડથી ઓછો નહીં લાગે.ઉપનગરોની ઘણી કોલેજોમાંતો આધુનિક્તા અને નગ્નતા વચ્ચેના ફરકનો અંદાજ્જ ન હોય એરીતે ફેશનને અપનાવવામાં આવે છે.

જેના માટેની સંપૂર્ણ જવાબદારી માતાપિતાની છે.એમાં પણ ખાસ કરીને માતાની.પોતાની દિકરી જ્યારે આવા અડધા ઉઘાડા વસ્ત્રો પહેરીને ઘરનો ઉંબરો ઓળંગે ત્યારેજ માએ દિકરીને અટકાવવી જોઈએ.મર્યાદા શબ્દનો ઊંડો ગુઢાર્થ માતાએ દિકરીને સમજાવવો જોઈએ.આધુનિક્તામાં પણ મર્યાદા રાખવી જરૂરી છે. ત્યાર પછી ત્રીજા ક્રમાંકે જવાબદારી આવે છે સમાજની. આપણી આજુબાજુમાં આપણે રહીએ છીએ તે આવાસની આસપાસ, આપણા વિસ્તારોમાં અથવા રસ્તે ચાલતા ઘણીવાર છોકરીઓની છેડતી થતાં જોઈએ અથવા અભદ્રભાષામાં કોમેન્ટ થતાં સાંભળીએ છીએ ત્યારે એને આપણે આંખઆડા કાન કરીને અથવા તો રોજનું છે એમ વિચારીને કુપમંડુક બની જઈએ છીએ.આપણા પોલીસતંત્રની નિષ્ક્રીયતાને લીધે આવા તત્ત્વો વિરુધ્ધ કોઈપણ પગલાં લેતા આપણે સોવાર વિચારીએ છીએ. આપણા સમાજની આવી બગલાવૃત્તિને લીધેજ અસામાજીક તત્ત્વો માથું ઊંચકે છે.અને આપણી વચ્ચે બેખોફ વિચરે છે.આ રીતેજ બીજા ઘણા કારણોસર આપણા નૈતિક મૂલ્યો ધોવાતા જાય છે. સંયુક્ત કુટુંબપ્રથા તૂટતા માણસ વધુને વધુ સ્વકેન્દ્રી અને સ્વાર્થી બનતો જાય છે. એની પાસે પોતાનીજ તકલીફોનું લીસ્ટ એટલું બધું લાંબુ છે કે બીજાના પ્રોબલેમ્સ સાંભળવા કે સમજવા શક્તિજ નથી બચતી.સંયુક્ત કુટુંબોમાં દુઃખ વહેંચાઈ જતું અને સુખનો સરવાળો થતો હતો.પરંતુ હું તું અને રતન જેવી પ્રથામાં દુઃખોનો ગુણાકાર થાય છે અને સુખનો ભાગાકાર થઈ જાય છે.અને છતાં પણ દરવાજાની બહાર લખેલું હોય છે"HOME SWEET HOME" બળાત્કારની સમસ્યાને કારણે સૌથી વધુ ભોગવવાનો વારો પીડીતાને તથા એના કુટુંબને આવે છે.બળાત્કારનો ભોગ બનેલી સ્ત્રી,બાળકી,કે કોઈ છોકરીની શારિરીક પીડા તો સમય જતાં ઓછી થઈ જાય, પરંતુ એની માનસિક ઈજાઓનું શું? □દય પર લાગેલા એ જખ્મોનું શું? એને લાગેલો આઘાત જીવનભર શમતો નથી. ઘણી સ્ત્રીઓતો વર્ષો સુધી અને કોઈક સ્ત્રીઓતો જીવનભર આ વજાઘાતમાંથી બહાર નથી આવી શકતી અને પોતાનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે.અને સૌથી મોટી સમસ્યા તો એ છે કે આવી સ્ત્રીઓના પુનર્વસન માટે સમાજ પાસે સરકાર પાસે પર્યાપ્ત ઉપાયો નથી.સાત વર્ષ પહેલાની નિર્ભયા બધાને યાદજ હશે. તે વખતે જે ઘરની દિકરી સાથે આવું દુષ્કર્મ થયું હોય તે ઘરની વ્યથા ભયંકર હોય છે.

પોતાની દીકરીને નાનપણથી ફૂલની જેમ ઉછેરી હોય , નાનીશી કાચની કણી પણ દીકરીના પગમાં ઘૂસી ગઈ હોય તો પણ બેબાકળી બની જતી મા પોતાની સામે રીબાતી દિકરીને કઈ રીતે જોઈ શકતી હશે? જે દિકરીની પરીક્ષાઓ વખતે એની સાથે સાથે રાતોની રાત જાગતી મા જયારે બળાત્કારની પીડાઓથી કેટલીય રાતો સુધી હોસ્પિટલના બિછાને કણસતી દેખાતી દિકરીને જોઈને મા ના હ્રદયની બળતરાને કોણ ઠંડક આપી શકે? જે દીકરીને ભણીગણીને મોટી થતાં જોઈને જે બાપની છાતી ગજ ગજ ફૂલતી હોય છે એ બાપને જ્યારે ખબર પડે કે એની પરીને તો કોઈ હેવાને પીંખી નાંખી છે ત્યારે એની નસોમાં ફરતા લોહીનું એક એક રક્તકણ અગ્નિની જેમ ભળકે બળે છે. એની અંદર ઊઠતી ચીસો કદાચ બહાર ન સંભળાતી હોય પરંતુ અંદરને અંદર એ બાપ તૂટતો જાય છે અને પોતાની નિઃસહાયતા પર પસ્તાવો કરે છે. કેટલી નિર્દય રીતે એ નિર્ભયા સાથે ગેંગ રેપ થયું,ત્યાર પછી છેક સાત વર્ષે ગુનેગારોને સજા થઈ. આવી આ બળાત્કારની સમસ્યા માટે દરેક વ્યકિતએ સજાગ રહેવું જોઈએ.આપણી આસપાસ આવી કોઈપણ હિલચાલ દેખાય કે તરતજ અવાજ ઊઠાવવો જોઈએ.એનો વિરોધ કરવો જોઈએ.આપણી દિકરીઓને સ્વરક્ષાના પાઠો શીખવવા જોઈએ. જેને માટે કરાટે,જૂડો જેવા વ્યાયામ દરેક છોકરીઓને શાળામાંજ ફરજીયાત શીખવવા જોઈએ. પોતાના પર્સમાં અણીદાર વસ્તુઓ , સ્પ્રેની બોટલ જેવા સાધનો ફરજીયાત રાખવા જોઈએ.અને અણીના સમયે આ વસ્તુઓનો ઉપયોગ કઈ રીતે કરવો એની જાણકારી લેવી જોઈએ.

જોકે હવે તો ઘણા આધુનિક સાધનો બજારમાં મળવા લાગ્યા છે.અને પ્રસારમાધ્યમો દ્વારા છોકરીઓની સુરક્ષા માટે સારી એવી માહીતીઓ પ્રસારીત કરવામાં આવે છે.તે છતાં દરેક માતાપિતાએ ઘરની બહાર વધારે સમય રહેતી દિકરી સાથે મોબાઈલ દ્વારા સતત સંપર્કમાં રહેવું જોઈએ. દિકરીઓના મિત્રવર્તુળના સંપર્કનંબરો એના કામના સ્થળ પરના સંપર્ક નંબરો પોતાની પાસે રાખવા જોઈએ.શિક્ષણસંસ્થાઓ પણ આ દિશામાં ઘણું કામ કરી શકે છે.પધ્ધતિસરનું જાતીયશિક્ષણ બાળકોને અપાવું જોઈએ.આપણા ભારત દેશમાં જાતીય શિક્ષણને આજે પણ શરમજનક અને ગોપનીય માનવામાં આવે છે.જાતિય શિક્ષણને બહાર તો છોડો ઘરમાંને ઘરમાં માતાપિતા પોતાના બાળકો સાથે ચર્ચા કરવામાં સંકોચ અનુભવે છે.આજે આપણે આવી નબળી માનસિક્તામાંથી બહાર આવવાની જરૂર છે.આવા નાજૂક વિષય પર ખુલ્લા મને ચર્ચાઓ, પરિસંવાદો યોજવા જોઈએ.બાળકોના મનમાં આ વિષે ઊઠતા દરેક પ્રશ્નોના સાચા અને માત્રસાચા ઉત્તરોજ આપવા જોઈએ,નકે ભગવાનને વચમાં લાવીને આ પ્રશ્નોથી મોઢાં ફેરવી લેવા જોઈએ.ઘરમાં, સમાજમાં જાતિય જ્ઞાન વિશેની ચર્ચા જેટલી તંદુરસ્ત હશે એટલોજ માનસિક રીતે તંદુરસ્ત યુવા વર્ગ આપણે સમાજને આપી શકીશું.આજે આપણને જરૂર છે હિંમતવાન દિકરીઓની અને સંવેદનશીલ પુરુષોની.

જે સ્ત્રીઓને માત્ર ઉપભોગતાનું સાધન ન સમજે. અને સ્ત્રીઓને પુરા માન સન્માન આપે.જેની શરૂઆત પ્રથમ પોતાના ઘરથીજ થવી જોઈએ.દરેક દિકરીની માતાએ હવે ચેતી જવાનો સમય આવી ગયો છે.આવી બધી પરિસ્થિતીઓથી ડરીને નહીં ચાલે.બળાત્કારીઓથી ડરીને આપણે કંઈ આપણી દિકરીઓને ઘરમાં તો ગોંધી નહીં રાખી શકીએ.આપણી દિકરીઓને આરતીના દિવાની જ્યોત સાથે ભલે સરખાવીએ પરંતુ વખત આવ્યે એ જ્યોતમાંથી જ્વાલા બનતા એને શીખવવાનું છે.આપણા આંગણની ચકલી તરીકે એને ભલે ઓળખાવીએ પરંતુ જરૂર પડે ત્યારે ચારણકન્યા બનીને વરૂઓનો સામનો કરવા સક્ષમ બનાવવી જોઈએ.(બળાત્કારીઓને સિંહ સાથે ન સરખાવાય એટલે વરૂ શબ્દ વાપર્યો છે.)દિકરીને ભલે આપણે ગુલાબનું ફૂલ કહીએ પરંતુ જરૂર પડ્યે કંટકો જેવી તિક્ષણ બનીને દુશ્મનને લહુલોહાણ કરવાની તાકાત એને આપવાની છે. અસ્તુ.

લેખકઃ આરતી અ. મરચંટ..મુંબઈ..(ગ્રુપ મેમ્બર)

## ઉદ્યોગ જગત અને બજારોને ધમધમતા કરવા કોમન મેનનું મહત્વ કોણ સમજશે.....?

(જીએનએસ: હર્ષદ કામદાર) વિશ્વભરમાં કોરોનાનો કહેર વધતો ચાલ્યો અને ભારતને કોરોનાએ વિશ્વમાં ચોથા ક્રમે લાવી દીધુ છે. ભારતમાં કોરોના મજતાક ૮૩૪૭ પર પહોંચી ગયો છે તો કોરોના ગ્રસ્ત લોકોની સંખ્યા ૩ લાખ થવા પર છે. દેશભરમાં કોરોનાગ્રસ્ત લોકોની સંખ્યા વધવા લાગતા હોસ્પિટલો પણ મોટાભાગે હાઉસફુલ થઈ ગઈ છે.... તો આરોગ્ય તંત્રના સંકલનના અભાવે કઈ હોસ્પિટલમાં જગ્યા ખાલી છે તેની વિગતો કોરોના દર્દી ને મળતી નથી......! પરંતુ કોરોના દર્દી પોતાનો જીવ બચાવવા અહીથી તહી વિવિધ હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં દોડતા દોડતા મૃત્યુને પણ ભેટી જાય છે. હજુ સુધી કોરોનાની દવા શોધાઈ નથી ત્યારે ખાનગી હોસ્પિટલોમાંની બેહદ ફી સહિતના વિવિધ ચાર્જ તેઓને પરવડે તેવા નથી. સરકારે ભલે કોર્ટના આદેશ પછી ખાનગી હોસ્પિટલોની ફી માટેની મર્યાદા નક્કી થઈ હોય પરંતુ મજુર, ગરીબ, મધ્યમ વર્ગની તાકાત નથી રહી કે ફી ભરી શકે. કારણ કે એમના ખીસ્સામાં નાણા જ નથી કે આવક પણ નથી.... તો સરકારોએ તેમના ખીસ્સામાં સીધા પૈસાજ નથી આપ્યા....કોઈ પણ સરકારો કે ઔદ્યોગિક એકમો એ નથી સમજી શક્યા કે દેશના બજારોની ચમક કોમનમેનને આભારી છે.જીડીપી દર પણ તેમના થકી ઉચો આવે છે....! વિવિધ ઉદ્યોગો કે માર્કેટો પણ કોમન મેન્સ- શ્રમજુવીઓ, ગરીબવર્ગ, રોજમદારો, મધ્યમ વર્ગને સમજી શકવામા તદ્દન નિષ્ફળ ગયા છે..... આ કોમન મેનને સ્થિર રાખવા માટે અનાજ અને આર્થિક સહાય સાથે માથે છાપરાની વ્યવસ્થા કરી આપવાની જરૂર હતી. પરંતુ હવે તો પાણી વહી ગયું છે જેનો અનુભવ તમામ ઉદ્યોગિક જગતને અને સરકારને થઈ રહ્યો છે.....! અનેક નાના મોટા ઉદ્યોગો, એકમો, માર્કેટો ખુલવા છતાં મોટાભાગના ઉત્પાદનો અટવાઈ પડ્યા છે. ત્યારે હવે પ ર પ્ર ા ં િ ત શ્રમજીવીઓ,રોજમદારો,મધ્યમ વર્ગની કિંમત સમજાઈ રહી છે.....! દરેક ઉત્પાદન ક્ષેત્રો અને માર્કેટોના હાથ,પડ અને હૈયુ માત્રને માત્ર શ્રમજીવીઓ, મધ્યમ વર્ગ,રોજમદારો,ગરીબ વર્ગના લોકો જ હતા તે હવે દરેકને અનુભવાઈ રહ્યું છે.......!? દેશના વિવિધ રાજ્યોમાંથી પરપ્રાંતિઓને lockdown સમયમાં નોકરી,ધંધા,રોજગાર ગુમાવવા પડયા હતા. તો તેઓ જ્યા કામ કરતા હતા ત્યાંથી તેમની મહેનત-મજૂરીના પૈસા, કે પગાર ન મળ્યા તો અનાજ જેવી સહાય પણ ન મળી જેથી પોતે કે પરિવારને માટે ખાવા-પીવાનું ખૂટી પડતા વતનની વાટ પકડી લીધી હતી. એની મોટી અસર ઉત્પાદન એકમોમાં સ્પષ્ટ દેખાઈ આવે છે. બજારમાં પૈસો પણ નહિવત પ્રમાણમાં ફરતો થયો છે... જે માર્કેટ કે ઉત્પાદન એકમો માટે કંઈ જ ન કહેવાય....! તો હવે વતન પહોંચી ગયેલા લોકોને ત્યા રોજગારી મળતી નથી એટલે તેઓની હાલત કફોડી બની રહી છે. જોકે ગોવા,કર્ણાટક જેવા રાજ્યોની બાબત અલગ છે કારણ આ રાજ્યોએ વતન જનારાઓને ખુશી ખુશી સહાય કરવા સાથે રવાના કર્યા હતા. તે યુપીની યોગી સરકારે ઉદ્યોગ ક્ષેત્રના કુશળ- અર્ધ કુશળ વતન પરત ફરેલાઓ માટે ઉદ્યોગો, ધંધા શરૂ કરવા માટે મથામણ શરૂ કરી દીધી પરંતુ રોકાણકારો યુપીથી દૂર ભાગે છે.....! હવે વતન પહોંચી ગયેલા પણ પસ્તાવા લાગ્યા છે તેમાં મોટાભાગના પોતાના કામના રાજ્યોમાં પરત ફરવા માંગે છે. પરંતુ ખિસ્સા ખાલી છે એટલે કઈ રીતે કામના સ્થળ પર પહોંચી શકે.....? તેવા પ્રશ્નો ઊભા થવા પામ્યા છે. ત્યારે રાજ્યના વિવિધ ઔદ્યોગિક એકમોને અને સરકારોએ મેદાનમાં આવવાની જરૂર છે. તેમને ત્યાં કામ કરતાં પરપ્રાંતિયોને પરત લાવવા માટે વ્યવસ્થિત આયોજન કરવા સાથે તેમના માટે સ્થાનિક ઉદ્યોગ સ્થળે રહેણાક સહિતની સુવિધા કરવી પડશે.... તો તેના પરિણામ દેશ માટે ૧૦૦ ટકા સફળતા વાળા બની રહેશે.. તેઓના ખીસ્સામા પૈસા આવતાં માર્કેટોની ચમક વધશે, તો ખરીદારો વધતા ઉત્પાદન એકમો ધમધમવા લાગશે તે સાથે દેશના અર્થતંત્રની ગાડી પાટા પર દોડતી થઈ શકશે. પરંતુ ઔધ્યોગિક એકમો, માર્કેટો અને સરકાર આ માટે પ્રયત્નો કરશે કે કેમ.....?! વંદે માતરમ્

## અમદાવાદ રેલવે સ્ટેશન પર વેન્ડિંગ મશીનથી મુસાફર ખરીદી શકશે માસ્ક, સેનિટાઈઝર

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ રેલવે સ્ટેશન પર નવતર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. રેલવેમાં મુસાફરી કરતા પ્રવાસીઓને કોરોનાના કહેરથી બચવવા માટે અમદાવાદ રેલવે સ્ટેશન પર ખાસ સુવિધા ઉભી કરવામાં આવી છે. મુસાફર સ્ટેશન પરથી માસ્ક, સેનિટાઈઝર અને ઈ કીટની ખરીદી કરી શકે એ માટે ખાસ વેન્ડિંગ મશીન મૂકવામાં આવ્યું છે. આ મશીનમાં ઓનલાઈન અને રોકડ વ્યવહારની પણ સુવિધા આપવામાં આવી છે. રેલતંત્રએ જણાવ્યું હતુ કે, પશ્ચિમ રેલવેનો આ પ્રથમ પ્રયોગ છે. અમદાવાદ રેલવે સ્ટેશન પર ઓટોમેટિક વેન્ડિંગ લગાવવામાં આવ્યું છે. જેના દ્વારા દ્વ૯પ માસ્ક, ૩ પ્લાય માસ્ક અને સેનિટાઈઝર મેળવી શકાશે. આ સુવિધાથી યાત્રી અને રેલ ઉપભોક્તાને લાભ મળશે. આ મશીનમાં ઈ પેમેન્ટ અને કેશ પેમેન્ટનો પણ વિકલ્પ છે અને ઈ કીટ પણ ઉપલબ્ધ રહેશે જે ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને બજાર કિંમતે મેળવી શકાશે. ગુજરાતમાં કોરોના વાયરસ વધુ વકર્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં વધુ ૫૧૩ કેસ નોંધાયા છે.જ્યારે વધુ ૩૮ લોકોના કોરોના વાયરસના કારણે મોત થયા છે. ૫૧૩ કેસમાં સૌથી વધુ અમદાવાદમાં ૩૩૦, સુરતમાં ૮૬, વડોદરામાં ૩૯ ગાંધીનગરમાં ૧૧, ભરૂચમાં ૭ તેમજ મહેસાણા અને આણંદમાં ૫-૫ કેસ નોંધાયા છે. બીજી તરફ છેલ્લા ૨૪ કલાકમાં ૩૬૬ દર્દીઓ રજા અપાઈ છે. રાજ્યમાં કોરોનાનાં કુલ પોઝિટિવનો આંક ૨૨૦૬૦ને પાર પહોંચી ગયો છે. તો મોતનો કુલ આંક ૧૪૭૦ને વટાવી ગયો છે. તો રાજ્યમાં કુલ ૧૫૧૦૯ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં હાલ કોરોનાનાં કુલ ૫૫૭૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૧ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો ૫૫૧૨ દર્દીઓની હાલત સ્થિર છે. કોરોનાના કેસમાં ભારત વિશ્વમાં ચોથા સ્થાને પહોંચ્યું છે. દેશમાં કોરોના કેસની સંખ્યા સતત વધી રહ્યાં છે. સ્પેન અને યુકેથી ભારત પોઝિટિવ કેસની સંખ્યા વધી ગઈ છે. ભારતમાં ૨.૯૭ લાખથી વધુ પોઝિટિવ કેસ છે. USA, બ્રાઝિલ અને રશિયા બાદ ભારત ચોથા સ્થાને છે.

